

# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દેહ પરબ્રહ્મમાં જોડવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૨, અંક : ૩, તા.૨૧મી માર્ચ, ૨૦૨૨, સંવત – ૨૦૭૮ ફાગણ વદ – ૩, સોમવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



તા.૨૪.૩.૧૯૮૨

૨૭૩.

સ્વામિશ્રીજી.

ગુણાતીત સ્વામીની જય
યોગીજી હરિપુરુષોત્તમની જય.

હે નાથ!

સંબંધવાળા બધાને
તન - મન - આત્માથી - નીરોગી
રહે - તેવી રક્ષા કરજો -

૧ તન = સાચાં ભજન કરી શકે તેવું

૨ મન = મહિમામાં પલળેલું રહે

૩ આત્મા :

૧ તારા વિચાર બહાર આસક્ત ન રહે.

૨ માન - સ્વાદ - લોભ - કામ - ક્રોધ.

તારામાંજ આસક્ત રહે

તારૂંજ ચિંતવન કરે.

તારો જ આલોચ નિરંતર રહ્યા કરે
ઝુક તારો જ રહે.

પપ્પા



# ગુણાતીત જ્યોત

જાણરૂપ દેહ સ્વરૂપમાં જોડવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**સંજીવની મંત્ર : ૧૦**

આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – પપ્પા



### શ્રીજી રસામૃત

...ત્યાગી કે ગૃહી તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાન જેવા ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ બરોબરિયાપણું કરે નહીં એવા જેના લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.

(વચ.ગ.મ.૨૫)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

ભગવાનને જેની કસર ટાળવી હોય તેને આ લોકમાં જન્મ ધરાવીને અજ્ઞાની કરી નાખે, ને તે અતિદીન થઈ જાય ને તેને પછી એવું થાય જે, 'મારું કલ્યાણ શી રીતે થાશે?' એવું કરાવીને કસર ટળાવે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૨૮૫મી વાત)



### દિવ્યામૃત

દરેક સંબંધવાળાનો જે એક સારો ગુણ હોય તેને જ ઉત્તેજન આપી મહિમા ગાવ. જેથી તે માહાત્મ્ય સેવાનું સ્વરૂપ બની જશે ને તેજ વધતા અહંકારરૂપી અંધકાર વણવિચાર્યે ગાંસડા-પોટલા બાંધી વિદાય લેશે. માટે કોઈનાય દોષનું ચિંતવન કરશો જ નહીં. (૨૩.૧૧.૮૫)

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૩ | શ્રી હરિજયંતીએ... | ૫ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ | સત્સંગ સમાચાર... | ૮ થી... |



## પપ્પાજીની પરાવાણી...

...સૌએ પોત-પોતાની રીત પકડી રાખવી. ને તે રીતને અનુરૂપ, મદદ કરે તેવા જ કથામાંથી શબ્દો લેવા. ધ્યેય સિદ્ધ થાય ત્યાં સુધી એટલે કે છેક સુધી પોતાની રીતને વળગી રહેવાનું. તમારા અંગે, તમારા સ્વધર્મમાં અચલ રહો, વફાદાર રહો. પોતાના અંગમાં જેટલા શબ્દો ઉપયોગી થાય એટલા શાસ્ત્રમાંથી લેવા. કથામાંથી લેવા. ઉત્કૃષ્ટ શબ્દો લેવા. બીજા શબ્દો આપણા માટે નથી તેમ માની કોઈનોય અભાવ ના લેવો. કોઈના અંગની ઉપેક્ષા ન કરવી. આપણી સમજણને બીજા પર ના લાદવી. સૌના પ્રકૃતિ-સ્વભાવ જુદા છે. તેથી જેટલા ચૈતન્ય એટલી રીત. બધામાં મહારાજ કામ કરે છે. એટલે સૌ બરાબર છે એમ માનો જ. આપણી રીત બીજા પર લાદવી એ પણ 'સ્વ' જ છે.

અહીંયા જરૂરિયાત હોય તે પ્રમાણે કલાસીસ ચાલતા હોય. એકડે-એકથી Ph.D. સુધીના. એટલે કથાવાર્તામાં બધી જ વાતો થતી હોય. એટલે દરેક જણ પોતાના અંગને અનુરૂપ, જેને જે અનુકૂળ આવે એ લઈ લેવું. આ જાતનો વિવેક રાખશો તો મૂંઝાશો નહીં. બાકી બધી રીત અપનાવવા જશો તો મૂંઝાઈ જશો. માટે ખાસ પોતાની જે રીત પ્રભુ પ્રત્યેની વફાદારીની હોય તેને પકડી રાખી તેનો સાક્ષાત્કાર કરી દઈએ. સાક્ષાત્કાર થતા બધાના અંગ આપણને માન્ય થઈ જશે. આપણા સત્યો બીજા પર નહીં લાદીએ એવા બની જઈશું.

હવે બીજી વાત - આ વાત મનમાં દ્રઢ રાખજો કે, આપણે મહારાજના સાચા વારસદાર બનવું છે. સામાની પંચાત નહીં કરતાં. મારે બનવું છે એવું રાખીશું તો સભાનતા રહેશે ને સિદ્ધાંતે જીવવાનું સરળ બનશે. આપણી પાસે ગુણાતીત, ભગતજી, જાગાસ્વામી, કૃષ્ણજી અદાના દાખલા છે. અત્યારે પ્રત્યક્ષ સ્વરૂપોમાં કાકાજી-સ્વામીજી-સાહેબ-બા-બેન બધા ગૃહસ્થ જ હતા પણ મંડ્યા તો વારસદાર બનીને મહારાજનું કાર્ય કરી રહ્યા છે. એટલે વારસદાર બનવાનું અંતરથી નક્કી કરીશું તો બનાશે.

જોગીમહારાજે આપણે લાયક હોઈશું એટલે ગ્રહણ કર્યા છે. અંતરથી લઈ મંડશો તો ગમે તેટલા ભૂંડા પ્રારબ્ધવાળા હોય તોય ગુણાતીતભાવને પામી શકે તેવી ઉજળી તકો આપણા માટે બાપાએ ગોઠવી છે. આ માટે આપણે અંતરની સચ્ચાઈથી અને દિલથી સહજાનંદનું પતિવ્રતાપણું, આપણા ગુરુહરિ ને ગુરુનો અતિદ્રઢ આશરો રાખવો છે. તેમની પ્રસન્નતા મેળવવી છે. વિચાર, વાણી ને વર્તન તે રાજી થાય તેવા કરવા છે.

એક વાત ધ્યાન રાખજો કે, તમારાથી થઈ શકે તેવું જ ગુરુ કહેશે. એવી જ સેવા ને કર્મયોગ ગોઠવતા હશે. તેમાં ભગવાનનું સ્વરૂપ જોતા થઈ જાવ. તો આળસ, પ્રમાદ, સ્વભાવની જડતા મરી જશે. માટે ખપ-ખટકો રાખીએ કે મારે વારસદાર થવું જ છે તો કશું જ અઘરું નહીં લાગે. હરે... સહજાનંદસ્વામી મહારાજની જય.

(તા.૫.૧૨.૧૯૮૫)



# શ્રી હરિજયંતીએ...

અનંત વંદન પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનને કે પૃથ્વી પર પધારી, સાકાર ઉપાસનાના અત્યંત મહત્ત્વના બ્રહ્મ-પરબ્રહ્મના સંબંધને, અનંત ચૈતન્યોના આત્યંતિક કલ્યાણને અર્થે સ્પષ્ટ કર્યા. પરબ્રહ્મને પામવા માટે અક્ષરબ્રહ્મ સાથેના સાધર્મ્યની અનિવાર્યતા જેવા રહસ્યો સ્પષ્ટ કર્યા.

શ્રીહરિએ પોતાના પ્રાગટ્યના હેતુ સિદ્ધ કરીને આપણને સૌને ન્યાલ કરી દીધાં. માત્ર ૪૯ વર્ષની આયુમાં પોતાના યોગમાં આવનાર પ્રત્યેક જીવોમાં આધ્યાત્મિક મૂલ્યો પ્રસ્થાપિત કર્યા. પોતાની ઐશ્વર્ય શક્તિથી તદ્દન સામાન્ય સ્તરના મનુષ્યો સાથે પણ તેમની કક્ષાએ સામાન્ય જીવન રાખી, નાત-જાતના ભેદભાવ વગર સૌ કોઈને ભગવાનની પ્રતીતિ કરાવી, જીવનમાં પરિવર્તન આણ્યું. વ્યસન, વહેમ, અંધશ્રધ્ધા, કુપ્રથાઓ જેવા દુષણોમાંથી બચાવી આદર્શ જીવન જીવતા કર્યા. સમૈયા, ઉત્સવો કરી લાખો જીવોને ભક્તિમાર્ગમાં વાળ્યા. અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવાનો શુદ્ધ ઉપાસનાનો માર્ગ બતાવી તે માર્ગે ચાલતા કર્યા છે. આમ શુદ્ધ એકાંતિક ધર્મ પૃથ્વી પર પ્રવર્તાવવા માટે શ્રીહરિ પોતાના અક્ષરધામ અને દિવ્ય મુક્તો સહિત પધાર્યા. શ્રીહરિએ શાસ્ત્રોની રચના કરી. મંદિરો બાંધી મૂર્તિઓમાં પ્રાણ પૂરી શાશ્વત સત્સંગનો યોગ આપ્યો. આચાર્યો અને સંતો આપ્યા.

સાથોસાથ સંબંધયોગ પ્રવર્તાવ્યો. પોતે જ આશિષ આપ્યા છે કે, જાણે-અજાણે જે જે યોગમાં આવે તે સૌનુંય રૂડું કરવું છે. આમ આત્યંતિક કલ્યાણ મોજરૂપે બક્ષિશમાં આપ્યું. તો વળી 'અંત અવસ્થાએ મારા જનને દર્શન દઈને મારા ધામમાં તેડી જઈશ.' એ વરદાન પણ આપ્યું. આપણા કેટલા બધા અહોભાગ્ય કે કેવળ સંબંધમાં ને કૃપામાં મોજ ને મોક્ષ.

શ્રીહરિનું વરદાન છે કે, 'હું સદા પ્રગટ ને પ્રત્યક્ષ રહીશ.' એ વરદાન બ્રહ્મસ્વરૂપ ગુણાતીતભાવને પામેલા સ્વરૂપોનો યોગ આપીને સાકાર કર્યા. જેથી શ્રીહરિના વચનો પ્રમાણે આપણું જીવન આનંદમય અને ભક્તિમય બને. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ઉદય થાય.

સ્ત્રીઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે વચ.ગ.છે.૨૬માં વચનો કહી દીધાં ને પોતે સ્ત્રી શિક્ષણ શરૂ કરાવ્યું. સ્ત્રીઓ માટે અલગ સત્સંગ સભાઓ શરૂ કરાવીને આધ્યાત્મિક ક્રાંતિના બીજ રોપી નવલા કાર્યનાં શ્રીગણેશ કરી દીધાં... સમય જતાં ગુરુહરિ પપ્પાજી થકી આ નારી ઉત્થાનનું કાર્ય આગળ ધપ્યું. તેના અત્યારે તો વટવૃક્ષ થયાં ને અનેકને કલ્યાણના માર્ગે વાળી શકે તેવા ગુણાતીતભાવને પામેલા સંત સ્વરૂપ બહેનોની શૃંખલા રચાઈ ગઈ. તેઓની છત્રછાયા મળી. તો આજે બહેનો પણ સુગમતાથી એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકે તેવો રાજમાર્ગ શરૂ થઈ ગયો.

આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના આપણે આશ્રિત છીએ. તેમની શાશ્વત આશિષભરી કરુણાના આપણને અધિકારી બનાવી દીધા એવા શ્રીહરિને અંતરથી અનંત વંદન.

## સત્સંગ સમાચાર

## તા.૨૧.૨.૨૦૨૨ : પૂ.નરસીફુવાના ૯૭મા પ્રાગટ્યદિનની ઉજવણી...





૨૧.૨.૧૯૨૬માં પ્રગટેલા નરસીફુવા આજે ૯૬ વર્ષની જૈફ વયે સ્વયંસેવક છે. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના તેમનો પ્રાગટ્યદિન સંતો, સ્થાનિક વ્રતધારી સંત ભાઈઓ, ગૃહસ્થ મુક્તોના સાંનિધ્યમાં જ્યોત મંદિરમાં ઉજવાયો.

પ્રથમ ચરણમાં વિવિધ પ્રકારના ભાવવંદન સાથે, તેમના જીવનની હાર્દ સમી માહાત્મ્યની ધારાઓ વહી. જેમાં સૌનો સૂર એક જ હતો કે, ફુવા ગુણાતીત સમાજનું અમૂલ્ય રત્ન આપણી વચ્ચે ૯૭ વર્ષે ય હાજર છે. શાસ્ત્રીજી મહારાજથી માંડીને આજે પ્રગટ ને પ્રત્યક્ષ સ્વરૂપોનાં પોતે દર્શન કર્યાં છે. આ બધા સ્વરૂપોની રુચિ મુજબ સેવા-ભક્તિ કરીને, જીવનમાં ખૂબ પ્રસન્નતાભરી પ્રાપ્તિ કરી છે.

પપ્પાજીના સિદ્ધાંત મુજબ આખાય સમાજમાં નિર્દોષબુદ્ધિની દ્રઢતા રાખીને, મૌન બનીને, ભગવાનને જ માત્ર કર્તા હર્તા માન્યા છે. તો આજે તેઓ છતીદેહે અક્ષરધામનું સુખ, શાંતિ, આનંદ, ભોગવી શકે છે. જગતથી તદ્દન અલિપ્ત. એટલું જ નહીં, પરંતુ એકમાત્ર પ્રભુની મૂર્તિ સિવાય ક્યાંય તેમનું મન લાગતું નથી. હરતાં-ફરતાં સર્વ ક્રિયાને વિષે અખંડ જપયજ્ઞ ચાલુ હોય છે. ગુરુસ્વરૂપે જ્યોતિબેનને જીવનમાં અને કુટુંબમાં સ્થાન આપીને, પોતાના જીવનની સાધના ખૂબ સરળતાથી પાર કરી, પસાર કરી દીધી. આજે સૌ માટે તેઓ ભજન, મહાપૂજા કરે છે. માણાવદરમાં તેમના







છે તથા બુકેમાં નાના લવંડર ફુલો છે. જેના દ્વારા આબાલવૃદ્ધ સૌ કોઈને પ્રેમનો સંદેશો આપો છો. અપેક્ષારહિતનો સૌને પ્રેમ કરતા રહો છો. આમ બુકે



નિવાસસ્થાને યોગીજીમહારાજથી માંડીને સર્વે સ્વરૂપોની પધરામણી થઈ છે. આવું મહાપ્રસાદીક સ્થાન ગુણાતીત જ્યોતને સમર્પણ કરી દીધું. જ્યાં ગુણાતીત જ્યોત શાખાની સ્થાપના થઈ ને સૌરાષ્ટ્રની સત્સંગ પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું.

દ્વિતીય ચરણમાં પ.પૂ.દીદીબા, પ.પૂ.જસુબા પધાર્યા. તો સૌને અનુભૂતિ એવી થઈ કે, સાક્ષાત પપ્પાજી આ પ્રસંગે દર્શન, આશીર્વાદનો લાભ આપવા પધાર્યા છે. પ.પૂ.જસુબાએ સંકલ્પથી અભિભૂત કરીને તેમને માળા અર્પણ કરી અને કહ્યું કે, ‘આખા ગુણાતીત સમાજ માટે તમો માળા કરજો. તમારા જેવું સુખ લેતા થાય.’ પ.પૂ.દીદીબા તેમના જીવનકાર્યને દર્શિત કરાવતી પુષ્પ બુકે લાવ્યા હતા જે અર્પણ કરી. આ બુકેમાં સફેદ ગુલાબ છે. એ પપ્પાજીનું પ્રતીક છે. અને શાંતિના સંદેશનું પ્રતીક છે. આપ શાંતિનો સંદેશ ફેલાવી રહ્યા છો. આપના સાંનિધ્યે જે કોઈ આવે, તેને આપ પપ્પાજી આપો છો, શાંતિ આપો છો. બુકેમાં પીળા ફુલ છે જે દિવ્યતાનો કલર છે. તમારાં દર્શનથી, મૌન વાણીથી, જપયજ્ઞથી ચોમેર દિવ્યતાના આંદોલનો પ્રસરી રહ્યાં છે. બુકેમાં ગુલાબી કલરના પુષ્પો છે. ગુલાબી કલર એટલે સ્વાસ્થ્યનો કલર ફુવાની તબિયત આ ઉંમરે પણ ખૂબ સારી રહી

દ્વારા દીદીબાએ ફુવાનું સંક્ષિપ્તમાં જીવન દર્શન કરાવી, વિશિષ્ટ રૂપે સ્મૃતિ દર્શન આપ્યું. સાથે સાથે એવી પણ પ્રાર્થના કરી કે, ‘ફુવા, તમે આવા સાજાસમા રહેજો. સો વર્ષ અમારે તમને રાખવા છે. કારણકે તમો ખૂબ ભજનિક છો. તમારા ભજનથી સૌને ખૂબ બળ મળે છે. અને બળની સૌને ખૂબ જરૂર છે. માટે તમે ઉદાસ નહી થતા.’ આવી પ્રાર્થનાઓ અને માહાત્મ્યદર્શન સાથે વિવિધ પ્રકારના ભાવો સૌ ભક્તજનોએ ફુવાને અર્પણ કરી પોતાના જીવનની ધન્યતા અનુભવી. છેલ્લે એટલું જ કહેવાય કે -

‘જીવન સમર્પણ કરીએ અમે,<br>
લેતાં કંઈ બાકી ન રાખશો તમે,<br>
તલમાં જેમ તેલ છે, ફૂલમાં ફોરમ છે<br>
તારી સુવાસ બની રહીએ અમે...’

જય સ્વામિનારાયણ.

## તા.૧.૩.૨૦૨૨ : અક્ષરરાત્રિ : પ.પૂ.જ્યોતિબેનના પ્રાગટ્યદિનની ઉજવણી...





૨૦૨૨ની આ ૧લી માર્ચ, અક્ષરરાત્રિ. ને ૨૩ મહિનાથી જે ભક્તો ઘરમંદિરેથી જ્યોત સાથે જોડાયેલા રહ્યા તે સૌને સભા સંચાલિકા બકુબેને ધન્યવાદ આપ્યા ને જ્યોતિબેનનું માહાત્મ્ય વહાવ્યું. હજુ પણ આપણા સ્વરૂપોની અત્યંત કાળજીની લક્ષ્મણરેખામાં વહાલાં જ્યોતિબાનાં ૯૦મા પ્રાગટ્યવર્ષ પ્રારંભમાં તેમના આશ્રિત હરિભક્તોને પ્રત્યક્ષ દર્શન, વાતુ, પ્રસાદીનો લાભ પ્રાપ્ત થાય તેનો પ્રારંભ કર્યો. એ આનંદ અવર્ણનીય છે. જ્યોતિબાનું ઐશ્વર્ય અતિ પ્રકાશિત છે. એ ઝીલનારના જીવનમાં બ્રહ્માનંદની વસંત મહોરી છે. જ્યોતિબેનના સંબંધે અનેક કુટુંબમાં આત્મીયતાની ફોરમ પ્રસરી છે. એવાં જ્યોતિબેનના ચરણે સ્તુતિવંદના કરી.

જાતિ, ધર્મ, વર્ણના– મુમુક્ષુતા હોય કે ન હોય સૌમાં જ્યોતિબા પોતાના વર્તનથી સાધુતાની સૌરભ ફેલાવી પ્રેરણા આપી રહ્યાં છે. આધ્યાત્મની દુનિયામાં કાકાજી, પપ્પાજી, સોનાબાના યુગકાર્યના યજ્ઞમાં શ્રીફળ રૂપે હોમાયાં છે ને એ પ્રકાશે આજે ગુણાતીત જ્યોત ઝળહળે છે.

ત્યાર બાદ સર્વ ભક્તો વતી ઠાકોરજીને, ગુરુહરિ પપ્પાજી મહારાજને, પ.પૂ.જ્યોતિબેનને તથા સર્વ સ્વરૂપોને સ્વાગતભાવ અર્પણ થયા. તે જ રીતે સર્વ હરિભક્તો તરફથી ભાવાર્પણ થયા. ત્યારબાદ જ્યોતિબેનના કાર્યસ્વરૂપ પ.પૂ.હંસાબેન ગુણાતીતે માહાત્મ્યભાવ વહાવ્યો અને હરિભક્તોએ અનુભવભાવ વહાવી સૌને દિવ્યભાવથી સભર કર્યા.



પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેને સાચા અર્થની ઉજવણીના ભાવોને બિરદાવી આગળ કેવાં પગલાં ભરવાં એ સૂઝ ને પ્રેરણા આપ્યાં. પ.પૂ.જ્યોતિબેન, ગુરુહરિ પપ્પાજીના આશિષ માણ્યા. એ દિવ્ય સભાનો લહાવો સારરૂપે માણીએ.

મુંબઈના યુવતીમંડળના બહેનોએ જ્યોતિબેનના ચરણે સ્મૃતિબેન દવે રચિત 'રૂમક ઝૂમક નાચે રે...' એ ભજન પર ભાવનૃત્ય કરી સૌને વિભોર કરી દીધા. સૃષ્ટિના નાના ગામડાથી માંડી વિદેશની, મોહનગરી હોય કે સાત્વિક ભૂમિ, કોઈપણ જ્ઞાતિ,








નિષ્કપટ થયાં. પપ્પાજી કહે 'મારાથી કે કાકાથી થયું હોત તો ?' બસ એ સૂત્રને જીવન બનાવી દીધું. આખી જીંદગી સૌને પપ્પાસ્વરૂપ માન્યા. આપણે પણ એવું કરવા માટે સત્સંગમાં આવ્યા છીએ.

પપ્પાજીએ કહ્યું, 'તને મૂંઝવણ ના હોય.' જ્યોતિબેને છેલ્લે સુધી એ પકડી રાખ્યું. સૌમાં મહારાજ જોયા. અમને એમની રૂમમાં ન બોલાવે. પોતે અમારી રૂમમાં આવી સહજ, સરળ ને સ્વાભાવિક રીતે વાત કરે. બધાને સુખિયા કરવા માટે જે આ દેહથી થાય તે કરી જ લીધું. ૨૦૧૭માં દિલ્હી જવાનું ન હતું પણ ગયાં જ. બધી જ વાતમાં રસ લીધો. અમદાવાદ ઉતર્યા પછી પણ ભક્તિ કરવી હતી તે કરી જ. કેવળ ભક્તિ કરવાની ઝંખના રાખી છે તેમાં દેહ કે બીમારી કશુંય જોયું નથી. તારદેવમાં તેમને દુનિયાની કોઈ વાત નડી જ નથી. પપ્પાજીનું વચન એ જ જીવન. ખરેખર પ્રભુધારક બની સૌનાય જીવનપ્રાણ બન્યાં.

જ્યોતિબેન સૌમાં કેવાં રસબસ હશે ! દોડી દોડીને પહોંચી જતાં. આખા આનંદગ્રુપને મુંબઈ પ્રસાદીના સ્થાન જોવા લઈ ગયાં. પપ્પાજીના મુખમાંથી શબ્દ નીકળ્યો હોય તે જ્યોતિબેનને સિદ્ધ કરવો જ હોય. એ એમનું જીવન હતું. પ્રભુકૃપામાં પપ્પાજીની મૂર્તિ પધરાવી દીધી. પપ્પાજીને અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવવી હતી તો અક્ષરપુરુષોત્તમની નાની મૂર્તિ લઈ આવ્યાં ને તે પણ પધરાવી. પપ્પાજીની આ મૂર્તિ પધરાવી જે સૌનાં કામ કરે છે. જ્યોતિબેને એમાં પ્રાણ પૂર્યા છે. જ્યોતિબેને આવા કંઈક કંઈક કામ અદ્ભુત કર્યા જ છે. આ બધાય સ્વરૂપોના જીવનમાં પપ્પાજી સિવાય કાંઈ છે જ નહીં. એટલે જ પપ્પાજી કામ કરે છે. હે પપ્પાજી ! અમારા જીવનમાં હજુ

**પૂ.હંસાબેન ગુણાતીત :** જ્યોતિબેનનો પ્રાગટ્ય પર્વ. ધન્યવાદ પપ્પાજીને ! શિવરાત્રિને અક્ષરરાત્રિ તરીકે બિરદાવી. કારણ અક્ષરમુક્ત પ્રગટ્યા. જ્યોતિબેન એવું સ્વરૂપ કે પળેપળ પપ્પાજીને રોમેરોમ પ્રગટાવીને રહ્યાં. પપ્પાજી ગયા પછી જ્યોતમાં અને આખા બ્રહ્મસમાજમાં જ્યાં ભક્તિ – પરાભક્તિ લાગી ત્યાં જ્યોતિબેન પહોંચી જ જતાં.

તેમની સંકલ્પશક્તિ બહુ બળવાન. આ ઋષભભાઈ મોદી કેવા સંજોગોમાં રહ્યા. દેવકુંવરબેન માટે વિમળાબેન એમનું જીવન. આવાં તો અનેક કુટુંબોને અક્ષરધામ આપ્યું. આવા સ્વરૂપો પૃથ્વી પર રહીને કેટલાય કુટુંબોને સુખિયા કરે છે. પહેલા જ્યોતિબેન બહુ જ મુંબઈ જતાં. સુદામા મંડળ. બધા પાઈપૈસો ભેગો કરીને જ્યોતિબેનને આપતા. તો પપ્પાજીએ ધનના ઢગલા કર્યા. જ્યોતિબેને જીવમાં પપ્પાજીની નિષ્ઠા કરાવી દીધી. એ ખૂબ અઘરુ છે. જ્યોતિબેને અખંડ આવું કર્યા જ કર્યું. જ્યોતિબેન બધે જ જાય પણ વિચાર, વાણી, વર્તનમાં ને જીવનમાં પપ્પાજી સિવાય કોઈ નહીં. પપ્પાજીને બ્રહ્મસમાજ વિકસાવવો હતો તેમાં જ્યોતિબેને સાથ આપ્યો. પપ્પાજી સાથે જ અક્ષરધામમાંથી પધાર્યા. જ્યોતિબેને પપ્પાજીની અચળ નિષ્ઠા રાખી તેમના સિધ્ધાંતને પચાવી લીધો.



તારદેવમાં એકવાર દીદીથી ટેબલફેન તૂટી ગયો. જ્યોતિબેને જે કહેવાનું હતું કહ્યું ને પપ્પાજી પાસે

પણ તમારા વગર કાંઈ પણ હોય તે ટાળી દેજો એ જ સૌ સ્વરૂપોના, જ્યોતિબેનના ચરણોમાં પ્રાર્થના.

**પૂ.પિન્ટુભાઈ – ગુણાતીત પ્રકાશ :** મારા જીવનનો પ્રસંગ – મારે ભગવાન ભજવા હતા. ઘરેથી ખૂબ વિરોધ હતો. ૨૦૦૩માં પપ્પાજી સુરત પધાર્યા. મારા માબાપ મોટો પત્ર લઈને પપ્પાજી પાસે આવ્યા. મારા પગ ધ્રુજવા માંડ્યા. ધૂન કરતો હતો. પપ્પાજી ત્યારે બહુ બોલતા ન હતા. તેમાં તૂટક તૂટક બોલ્યા કે, 'ભજે ભજે ભજે.' મારા પપ્પાને થયું કે પહેલેથી પપ્પાજીને સમજાવી દીધા હશે. જ્યોતિબાએ રવજીભાઈને કહ્યું કે આના પપ્પાને લઈને નીચે આવો. મારા પપ્પા તો ગુસ્સામાં હતા. જ્યોતિબાએ એમને સમજાવ્યા. તેમનો ગુસ્સો શાંત થઈ ગયો. ને એમણે હા પાડી. એ જ્યોતિબેનનો પ્રતાપ !

વિરેનભાઈ સાથે હું સોલારની કંપનીમાં કામ કરું છું. જ્યોતિબેન વિરેનભાઈને કહે, 'તું વિદ્યાનગરના નવા મકાનમાં સોલાર કરીશ ? તો હું રહેવા જાઉં.' વિરેનભાઈએ એ સેવા હર્ષથી ઉપાડી લીધી. આ કંપનીનો પહેલો ઓર્ડર જ્યોતિબાએ આપ્યો. તેમાં મને સેવા કરવાનો મોકો મળ્યો... જ્યોતિબા કહે, 'તારે સબસીડી લેવી પડશે ને ! હું પણ સબસીડી લેવા ગાંધીનગર જતી હતી. આપણે દરેક કામ પાર પાડવા છે એટલે તું ધૂન કરજે. પ્રભુ સહાય કરશે.' એકવાર મારે અમદાવાદથી નડિયાદ આવવાનું ને ત્યાંથી સુરત જવાનું હતું. મોડું થયું એટલે ટિકીટ લીધા વગર ટ્રેનમાં બેસી ગયો. મનમાં બહુ ગભરામણ થાય. ત્યાં તો મારી બાજુમાં એક ભાઈએ બીજા ભાઈની ટિકીટ લીધી હતી પણ તે ગાડીમાં ચડી શક્યા નહીં. મેં કહ્યું : 'મને એ ટિકીટ આપી દો હું પૈસા આપી દઈશ.' તે ભાઈએ પૈસા ન લીધા ને ટિકીટ આપી દીધી. આ જ્યોતિબેનના વચને ધૂન કરી તેનો પ્રતાપ.

દર વર્ષે લક્ષ્મીપૂજન હોય તેની મહાપૂજામાં એકવાર મને સંકલ્પ થયો ને જ્યોતિબેને વિરેનભાઈને પાંચ સિક્કા આપીને કહ્યું કે 'આ પિન્ટુને આપજે.' આમ મારો સંકલ્પ પૂરો કર્યો. જ્યોતિબા સ્વધામ ગયા પછી મનમાં થાય કે હવે મારા સંકલ્પ કોણ પૂરા કરશે? તો દીદીબાએ ધનપૂજાની મહાપૂજામાં મને સિક્કા આપી મારો સંકલ્પ પૂરો કર્યો.

જ્યોતિબાએ મારા જીવનમાં ખૂબ કામ કર્યું છે. તો પપ્પાજીને, સર્વે સ્વરૂપોને પ્રાર્થના છે કે સાચો સાધુ બનું, વિરેનભાઈએ જે વિશ્વાસ મૂક્યો છે તે પાર પાડુ ને તમારા બધાયનું શોભાડું.

**પૂ.વિજયભાઈ – ગુણાતીત પ્રકાશ :** ૧૯૮૯ની સાલમાં હું જ્યોતમાં સેવામાં આવ્યો ત્યારે પપ્પાજી અને જ્યોતિબેનની દ્રષ્ટિ પડી ગઈ. મારે ભગવાન ભજવા નહોતા. મારું મન ના પાડતું હતું. જ્યોતિબેને મારા માટે ભજન કર્યું. ભક્તિ ઉત્સવે પપ્પાજીએ પૂછ્યું, 'તું ભગવાન ભજીશ ?' મારી ઈચ્છા ન હતી છતાં હા પડાઈ ગઈ ને ભમરો તોલમાં આવી ગયો.

અત્યારે જ્યોતિબેન ગયાં તેવું નથી લાગતું. આ ત્રણ સ્વરૂપો દ્વારા જવાબ આપી રહ્યાં છે. મૂર્તિ સાંભળશે પણ અંતરથી શુદ્ધભાવે જોડાશો ત્યારે થશે. આ ત્રણ સ્વરૂપો પ્રત્યક્ષ છે. થોડી પ્રાર્થના કરશો ને વાત કરશો તો મૂંઝવણ ટાળી દેશે. જ્યોતિબેન હતાં ત્યારે ઓળખી ના શક્યા પણ આ સ્વરૂપોને ઓળખી લઈએ. ટાઈમ ના બગાડીએ. ભગવાન સિવાય કાંઈ જીવનમાં રાખવું નથી. ભક્તિ સિવાય કશું જ સાથે આવવાનું નથી. આ સ્વરૂપોની દ્રષ્ટિ જ સાથે આવશે.

જ્યોતિબેને શીખવ્યું છે કે ભેદદ્રષ્ટિ ન રાખવી. આખો સમાજ પપ્પાજીનો જ છે. જ્યારે તમે સેવામાં બોલાવો ને હરિભક્તો સેવામાં હાજર થઈ જાય તેવું



કરવું છે. હરિભક્તો સેવા, ભજન કરે તેની પપ્પાજી, જ્યોતિબેન રક્ષા કરે જ છે.

એકવાર જ્યોતિબેનને ગાડીમાં મેં પૂછ્યું કે 'તમે આ બધા બહેનો માટે ભજન, પ્રાર્થના કરો છો ?' તો કહે, 'તે તો મેં બીજાને સોંપી દીધું છે. તું સુખેથી ભગવાન ભજે તેના માટે પ્રાર્થના કરું છું.' એ જ્યોતિબેન મારા મનમાં છે જ ને સ્વરૂપોમાં અખંડ રહ્યાં જ છે.

આમ વિજયભાઈએ વિધ વિધ સ્મૃતિપ્રસંગો દ્વારા સૌને જ્યોતિબેન અને ગુરુહરિ પપ્પાજીમાં તરબોળ કરી દીધા.

**પૂ.પીંકીબેન પાલન - મુંબઈ :** મારા મમ્મી હમણાં એપ્રિલ મહિનામાં કોવિડમાં ધામમાં ગયાં. હું મારાં મમ્મીની નજીકમાં રહું છું. મમ્મીને ગળામાં ઈન્ફેકશન થયું હતું. હું દવાખાને લઈ ગઈ. બીજે દિવસે થોડું વધારે લાગ્યું. ને કહે,' મને બહુ ધડક ધડક થાય છે.' પાછું ડૉક્ટરને બતાવ્યું. બધા રીપોર્ટ કરાવીને ડૉક્ટરને બતાવવા ગયાં. એમણે M.R.I. કરાવવાનું કહ્યું. રીપોર્ટમાં કોવિડ આવ્યું ને કહે, 'તમે પેમેન્ટ કરો.' હવે એ વખતે મારા ફોનની બેટરી ફક્ત ચાર ટકા હતી. મેં પ્રાર્થના કરી તો બે વાર પ્રયત્ન કર્યા ને G Pay થઈ ગયું. ફરી પ્રાર્થના કરી કે મારે જેને જેને મેસેજ કરવાના છે તે થઈ ન જાય ત્યાં સુધી મારો મોબાઈલ બંધ નહીં કરતા. ને ન મનાય તેવું બન્યું. જે ડૉક્ટરને રીપોર્ટ બતાવવા જવાનું હતું તેણે પહેલી જ રીંગમાં ફોન લીધો. મારાં બહેનો, મારા પતિ બધાને મેસેજ અપાઈ ગયો. ને મારો ફોન બંધ થવાની તૈયારીમાં હતો ત્યાં જ મારા પતિ આવી ગયા. બધું સરળતાથી વ્યવસ્થિત રીતે જ્યોતિબેને અને પપ્પાજીએ કરી દીધું. આ તો જીવનનો યાદગાર પ્રસંગ છે.

મારાં મમ્મી ધામમાં ગયાં ત્યારે હું ખૂબ રડી તો જ્યોતિબેને અંતરમાં સૂઝ પાડી કે તારા પપ્પાની સેવા નહોતી મળી તેનું તને દુઃખ હતું ને તો તારી મમ્મીની બધી સેવા તને મળી છે. ને મને અંતરમાં શાંતિ થઈ ગઈ.

એકવાર રાતના બે અઢી વાગે ચાલુ પંખો પડ્યો. એકદમ જ્યોતિબાને અંતરથી પોકાર થઈ ગયો ને કોઈને ઈજા ન થઈ. આમ જ્યોતિબેને પળેપળે રક્ષા કરી છે.

**પૂ.પ્રિયલબેન મોદી :** જ્યોતિબેન આપણા માટે જ પૃથ્વી પર આવ્યાં ને તેમણે પ્રભુના માર્ગે ચાલવાનું શીખવાડ્યું. હું નાનપણથી જ્યોતમાં આવતી. જ્યોતિબેને નાની નાની વાત મને શીખવી છે. એકવાર મારા હસબન્ડ સાથે કાંઈક થયું તો જ્યોતિબેન કહે કે 'તું સ્ત્રી થઈને ઈગો રાખીશ તો પુરુષમાં તો ઈગો હોય જ. તારે મૂકી દેવાનું.' મારાં સાસુ માટે સૂઝ આપી કે 'તારી મમ્મીને તું જે રીતે રાખે એ રીતે એમને રાખજે.' અમુક વર્ષો પછી મને અહેસાસ થયો કે જ્યોતિબેને કેટલું જતન કર્યું છે !

મારા જન્મદિવસે જ્યોતિબેનનો ફોન આવ્યો ને પૂછ્યું, 'કેટલા વર્ષ થયા ?' મેં કહ્યું, '૩૬' તો કહે, 'પપ્પાજીએ ૩૬માં વર્ષે ભગવાનનું કાર્ય શરૂ કરેલું.' મારા ૩૬મા જન્મદિવસે જ ફોન કર્યો ને સ્મૃતિથી ભરી દીધી.

જ્યોતિબેન દિલમાં સમાઈ ગયાં છે. તેઓ છેલ્લે બીમાર થયાં ત્યારે સહન નહોતું થતું. જ્યોતિબેન તમે હશો તો કેટલાયનાં જીવન સુધારશો. એમ પ્રાર્થના થાય. જ્યોતિબેન નથી એ સમાચાર તો સ્વીકારાતા જ નહોતા. હું ડીપ્રેસનમાં જતી રહી. પપ્પાજી તીર્થ પર જ્યોતિબેનનાં દર્શને આવ્યાં ત્યારે સંકલ્પ કર્યો કે હે જ્યોતિબેન ! જો તમે



અહીંના અહીં હો તો દીદી મને બોલાવે. ને દીદીએ મને બોલાવી. એમના ખોળામાં માથું મૂકી દીધું. ને મારું રડવાનું બંધ થયું. અત્યારે તો મનાય છે કે જ્યોતિબેન અહીં છે છે ને છે જ.

**પૂ.જ્યોતિબેન માવાણી :** મારો દીકરો અમીત એક વર્ષથી બેડમિન્ટન રમવા જાય છે. ત્યાં ખૂબ પ્રગતિ થઈ. અત્યારે ટીમનો ઓનર છે. તેની કંપનીનું નામ અમે 'અષ્ટમ' રાખ્યું છે. અમીતના લગ્ન પછી તેની નોકરી પૂનામાં હતી તેથી અમે ત્યાં રહેવા ગયાં હતાં. આઠ જ દિવસમાં જ્યોતિબેન આવ્યાં. મને ગમતું ન હતું. તો કહે કે 'દર મહિને બહેનો અહીં આવશે.' ને ખરેખર દર મહિને બહેનો આવ્યાં જ. એક મહિને કોઈ આવ્યું નહીં તો વિરેનભાઈ આવ્યા. આમ એમનું વચન સાકાર થયું.

જ્યોતિબેન ન હોત તો જયનો જન્મ ન હોત. તેમણે ખૂબ રક્ષા કરી છે. અહીંયા જ્યોતની પાછળ નવું મકાન 'શ્રીજી જ્યોત' બાંધતા પહેલા તેનું ભૂમિપૂજન કરવા ત્યાંના બિલ્ડરે જ્યોતિબેનને બોલાવ્યાં હતાં. તો જ્યોતિબેને બિલ્ડર સાથે વાત કરીને અમારા માટે ઘર બુક કરાવી લીધું. હું તો હાજર પણ નહોતી. આવાં જ્યોતિબેને મા બનીને સર્વ પ્રકારે જતન કર્યું છે.

જ્યોતિબેન ન હોત તો મારી દીકરી પ્રીતિ ભગવાન ભજવા ન આવી હોત. જ્યોતિબેન સળંગ ત્રણ મહિના મુંબઈ પધાર્યા ને પ્રીતિનું બખ્તર તૈયાર કર્યું. તારાબેન અમારી મા છે ને જ્યોતિબેન બાપ છે. બેય સ્વરૂપો અમારા માટે એક સિક્કાની બે બાજુ છે. ફેમીલી ગુરુ, કુળદેવી, પિતા જે ગણો તે જ્યોતિબેન છે. આ સ્વરૂપોએ પણ અમારું ખૂબ જતન કર્યું છે. હમણાં જ થોડા દિવસ પહેલા મારી તબિયત બગડી ગઈ હતી. દીદીબાને ખબર પડી તો મને ગુણાતીત તીર્થ પર મળવા આવ્યાં ને એમના પ્રતાપે આજે હું અહીં છું.

બધા સ્વરૂપોને પ્રાર્થના છે કે તમે અમને ખૂબ સુખિયા કર્યા છે. તમારી તબિયત સરસ રાખજો.

**પૂ.દિક્ષેપભાઈ પટેલ - કેનેડા :** હું સાયમા ગામમાં રહેતો હતો. વશરામભાઈ જ્યોતની સીક્યોરીટી કરે છે તેમના દ્વારા જ્યોતમાં આવવાનું થયું હતું. ૨૦૧૪થી જ્યોતિબેનની દ્રષ્ટિ પડી. ત્યારબાદ બધા પ્રસંગો ઉકલવા માંડ્યા. જેને અત્યાર સુધી કોઈ દેશ વિઝા આપતો ન હતો, તેવા મને ૨૦૧૮માં કેનેડાના વિઝા મળી ગયા ને બે વર્ષમાં સીટીઝનશીપ પણ મળી ગઈ. જ્યારે અમારી અહીંની પરમીટ પૂરી થતી હતી ત્યારે અમારે ભારત પાછા આવવું પડે તેવું જ હતું. અહીં રહેવું હોય તો પૈસા આપવા પડે તેવું હતું. પણ મારી પત્નીના વકીલે તેના એમ્પલોયર પાસેથી વગર પૈસે નોકરી માટેનો લેટર મેળવી આપ્યો.

એકવાર હું ને મારો દીકરો ગાડીમાં જતા હતા. રાતનો સમય હતો. રસ્તામાં snowનું તોફાન આવ્યું ને ગાડીની બ્રેક ફેલ થઈ ગઈ હતી. પણ અમારી રક્ષા થઈ ગઈ. મારી પત્ની નીરા ઘરે જ્યોતિબેન પાસે માળા ફેરવતી હતી. અને અમેય પ્રાર્થના કરતા હતા તો કપરા સંજોગોમાં રક્ષા થઈ ગઈ. આમ જ્યોતિબેન સાથે રહીને બળ આપે છે ને રક્ષા ય કરે છે.



**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** જ્યોતિબેન એટલે જ્યોતિબેન. એકપક્ષીય શ્રમ કરી જીવને જ્યાં છે ત્યાંથી આગળ લે. જે કરવાનું હોય તે પોતે કરે ને જીવની રક્ષા કર્યા જ કરે. ખૂબ શ્રમ વેઠીને પપ્પાજીને ઓળખાવ્યા છે. પપ્પાજી સ્વયં બોલેલા કે તમે કેટલા નસીબદાર કે મનુષ્યરૂપમાં આ બે ચરણાર્વિંદ મળ્યા! દુનિયામાં કોઈને મનુષ્યરૂપમાં ઓળખાય નહીં તો મનાય તો કેવી રીતે ! પણ કૃપામાં અહીં બેઠેલા અને સંબંધમાં આવેલા સૌને પપ્પાજી ભગવાનનું સ્વરૂપ છે તે મનાઈ ગયું.

આપણે તો ખૂબ ધનવાન છીએ. કેટલો આધ્યાત્મિક ખજાનો મળ્યો છે ! મોળી વાત, મોળા વિચારમાં ટકીએ નહીં તેવું પપ્પાજી, જ્યોતિબેન, દીદી, જસુબેન, પદુબેન ખૂબ બળ આપે.

જ્યોતિબેન આખો દિવસ સેવા કર્યા જ કરે. તારદેવમાં કપડાં કેટલા બધાનાં ધોવાનાં હોય. તો ભજન ગાતાં ગાતાં ધોતાં. મનથી સતત પ્રભુથી ભર્યા જ રહેતાં. કેવું ભવ્ય સ્વરૂપ મળ્યું ! આપણી સાથે જ છે. અખંડ ચિદાકાશમાં જ રહીએ તેવું બળ, બુદ્ધિ ને પ્રેરણા આપે એ જ એમના ચરણે પ્રાર્થના.

અમદાવાદ યુવતી મંડળની બહેનોએ પ.પૂ. જ્યોતિબેનને કેક અર્પણ કરી અને પ.પૂ.દીદીના હસ્તે તેનું કર્તન કરાવ્યું.

**આશીર્દાન પ.પૂ.દીદી :** આજે તો દર્શનથી ધરવાટ નથી થતો. કેટલો બધો મહિમા જ્યોતિબેનનો સાંભળ્યો ! બહુ નાનપણથી તેમની સાથે છું.અમે મિત્રો હતા.

જેમ ચીજ-વસ્તુની કિંમત છે તેમ સત્પુરુષના વચનની કિંમત હોવી જોઈએ. જ્યોતિબેને તેમની રીતે બધામાં ભાગ લીધો છે. સર્વદેશીય સ્વરૂપ. ૧૯૫૨ની સાલથી ૨૦૧૮ જાન્યુઆરી સુધી સાથે ને સાથે રહ્યાં છીએ. ગુણાતીત સમાજમાં જ્યોત તરફથી જવામાં જ્યોતિબેન અને દીદી સાથે જ હોય.

એકવાર મીટીંગમાં જ્યોતિબેનને કંઈક પૂછવાના હતા તો મને ઈશારાથી પૂછ્યું. એવી એમની મોટપ! પછી પપ્પાજીએ જ જવાબ આપ્યો.

જ્યોતિબેનની જેમ પપ્પાજીનું વચન એ જ આપણું જીવન. સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે મારું વચન મારું સ્વરૂપ છે. પપ્પાજીનો મંત્ર છેઃ 'સંપ, સુહૃદભાવ, એકતા.' તે પ્રમાણે વર્તીએ. બધા મુક્તો માણસ જેવા જ હોય. સ્વભાવ, પ્રકૃતિ બધામાં ભિન્ન હોય જ. પણ એક સામ્યતા છે કે આપણે પપ્પાજીના છીએ. હવે આપણી ભક્તિ ને ફરજ એ કે ભગવાનનો મનોરથ – 'આપણે એકાંતિક બનીએ' તે પૂરો કરીએ. ક્યારેક કોઈની પ્રકૃતિને લીધે આપણા મનમાં વિચાર આવે પણ અનુસંધાન રાખવું કે કોને રાજી કરવાના છે? તેવા વિચારે સામામાં ભગવાન જોવા. ત્યાગી હોય કે ગૃહી – મારે મારા ભગવાનનો મનોરથ પૂરો કરવો છે. એને પહોંચે એવી સેવા કરવી છે.

ભગવાન અને સંત આપણને આધ્યાત્મિક રીતે આગળ લઈ જવા માટે બધું કરે છે. ગૃહસ્થો પણ ભજનનો આશરો લે છે. આપણો ભગવાન એમ કહે છે કે, 'I am always with you.' એમ આપણો અહંકાર પણ એવું જ કહે છે. 'હું તને નથી છોડવાનો.' તો ભગવાન તમે પણ મને નહીં છોડતા. તમે મને છોડશો તો મારું શું થશે ?

આપણા પપ્પાજીએ સમાજમાં ભવ્ય ને દિવ્ય કાર્ય કર્યું છે. સ્ત્રીઓના સ્વભાવ બદલવાનું કાર્ય કર્યું છે. હઠ, માન, ઈર્ષાથી પર જવું તે દુર્લભ વાત એમના સંકલ્પે આપણા માટે સાકાર થઈ છે.

જ્યોતિબેનની ખોટ કોઈથી પૂરાય એવી નથી. એ એવું સ્વરૂપ છે કે જેને લીધે આપણો આટલો મોટો



સમાજ ઊભો થયો. કાકા, પપ્પાજી, બા, જ્યોતિબેન, તારાબેન ના હોત તો આ સમાજ ના હોત. જ્યોતિબેન કોઈપણ સેવા હોય તે કરે જ. આવડતી હોય તો કરવા માંડે ને ન આવડે તો પૂછી લે. તેમના થકી આપણા માટે ભક્તિની કેડી ચાલુ થઈ ગઈ છે. હે પપ્પાજી, કાકાજી, બા, જ્યોતિબેન, તારાબેન ! તમારા પાંચ થકી આવડો મોટો સમાજ ઊભો થયો, તમે શ્રમ કર્યો છે એને એળે ન જવા દઈએ. તમને રાજી કરવાની તમન્ના જાગે, તમને ધારતા થઈ જઈએ.

**આશીર્દાન પ.પૂ.જ્યોતિબેન :** 'આતમ તારા મહિમા કેરો કદી ન પામું પાર...' એ આતમ આપણને અખંડ સંભાર્યા કરે છે. એ આતમના ગુણ આપણને આપવા છે. તે આ જ્યોતમાં મળે છે. આ સ્થાન, આ જોગ, આ પ્રાપ્તિ, આ સ્વરૂપ બહુ જ મફતમાં મળ્યું છે. આપણા અંગે તેમને સંભાર્યા કરો. ક્યા પ્રસંગે ચીડ, ગુસ્સો ચડે છે તે નોંધવાનું. કોઈપણ પ્રસંગે એમ થઈ જાય કે આ આમ કેમ કરે છે ? તે સામો તો એવો નથી પણ મારું 'હું' છે. મને બતાવવા માટે આ પ્રસંગ પ્રભુએ યોજ્યો ને આ થયું. તે સામી વ્યક્તિ આપણો અરીસો છે. અરીસાને ન ફોડો. આપણો ડાઘ કાઢવા વધુ ને વધુ સ્મૃતિ, નામરટણ, સેવા, ચિંતવન કર્યા કરો. પોકાર કરો કે તમે બચાવો. એટલે તમને કોઈ મહિમાનો વિચાર મળી જશે, સેવામાં પ્રેરણા કરનારું કોક મળી જશે, ઓચિંતી કોઈ સેવા કરવાની મળી જશે જેથી તમે તમારા દેહભાવથી છૂટા પડો.

આપણું આ બાવનાચંદન લાકડું ઘસી ઘસીને તૈયાર રાખવાનું કે તારો જ્યારે ઑડર આવે ત્યારે એ એવરરેડી બેટરી જેવું હોવું જોઈએ. જ્યાં જે સેવા કરીએ એ પળને સનાતન બનાવીએ. ભગવાન ને ભક્તના મહિમામાં રહેશો તો કમાણી કરશો. આવું કરવાનું સર્વોપરી સ્થાન, સર્વોપરી જોગ અને સર્વોપરી પ્રાપ્તિ આપણને મળી છે એનો કેફ અખંડ રાખ્યા કરવો. હે પપ્પાજી ! અમે તમારામાં ચકચૂર રહેતા થઈ જઈએ એવું કરી આપો. એ જ પપ્પાજી, બા, બેન, સર્વે પ્રત્યક્ષ સ્વરૂપોને પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** 'અનુભવી આનંદ'ના ચાર પદ જ્યોતિ પર લગાડો. બધાય ગુણે સંપન્ન છે. 'સ્વરહિત'ની આપણી જે વ્યાખ્યા છે – ગુણાતીતભાવમાં અખંડ રહેતા થઈ જાય તેમ જ્યોતિ એના અંગે કરીને થઈ ગઈ. તેના બધા જ અંગ ડિસ્ટીલ્ડ થઈ ગયેલા છે. અહંતા-મમતારહિત થઈ ગયાં. દરેકના અંગ જુદા જુદા હશે પણ તે બધાય પ્યોર થઈ ભગવાનના અર્થે વપરાતા થઈ ગયા. હાલતું ચાલતું તીર્થ બની ગયું. ચૈતન્ય મંદિર, જંગમતીર્થ કહીએ છીએ તે પ્રેક્ટીકલ અનુભવીએ છીએ. એ સેમ્પલ બની ગયું. એવા સદ્ગુરુ-એ છે. એવાં સેમ્પલ બાપાએ આપી દીધાં. આટલા બધા આપણને સુખ, શાંતિ, આનંદથી એમના જેવા બનાવવા માટે મથી રહ્યા છે. બહુ મોટી વાત થઈ ગઈ. પોતાના જેવા ને જેવા બનાવવા માટે આ સાધના મંદિર બાપાએ ખોલી આપ્યું. જોગ, સેવા એવી સરસ આપી. બીજો કોઈ કચરો કે માથાકૂટ કોઈની નથી. તમે જે ધાર્યું હોય તે કરી શકો. કોઈ લાચારી નહીં, કોઈની સાડાબારી નહીં. સ્વતંત્રપણે બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ધારતા થવાનું સ્થાન બાપાએ ઊભું કરી આપ્યું. એવા સાધુ સ્વરૂપો આપી દીધા. આપણા જેવા જ થઈને રહે છે. જ્યોતિએ પોતાના જેવા ઘડી કાઢ્યા. ગુણાતીત, હેમાબેન, સવિબેન, ઈન્દુ જ્યોતિનું સર્જન છે. ચારે ય સમજણ, પ્રીતિ, દાસત્વ. એ ચારેયને નાથ્યા. એ કેવા જબરજસ્ત હશે ! સ્વરહિતનું લક્ષણ છે. ગમે તેવા અંગ કે પ્રારબ્ધવાળાને પોતાના જેવું બનાવી દે. નાના મોટા બધાયને લઈ આવ્યાં છે. કેવી પ્રાર્થના કરતા હશે! સ્વામીનો દાખડો સફળ થયો.

જ્યોતિબેનને એક જ પ્રાર્થના કે, બધાં જ બહેનો સુખ, શાંતિ, આનંદથી અક્ષરધામરૂપ રહેતાં થઈ જાય. મહામાનવનું સુખ ભોગવે. વર્તનથી ભાત પાડે. તેવી અંતરથી પ્રાર્થના ને મહાપૂજા કરે તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

આમ ગુરુહરિ પપ્પાજીના આશીર્વાદ બાદ સભાનું સમાપન થયું.

## તા.૧.૩.૨૦૨૨ : કીર્તન આરાધના...



માર્ચ મહિનાની કીર્તન આરાધના પ.પૂ.દીદીના સાંનિધ્યે કરી. ફેબ્રુઆરી માસમાં પંચામૃતનો પ્રાગટ્યદિન હતો. તેને અનુલક્ષીને પંચામૃતના મુદ્દા પર બનાવેલાં ભજનો આજની કીર્તન આરાધનામાં ગવાયાં અને સૌ તેમાં તરબોળ થયાં. ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીના આશિષ માણ્યા.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આપણે અખંડ આતમનો તાર પ્રભુ સાથે લગાવેલો રાખવો છે. ૨૪ કલાક એવો જબરજસ્ત બ્રહ્મયજ્ઞ શરૂ કરીએ. બ્રહ્મમાં રહેવું, ચરવું ને લીન રહેવું છે. માછલીને જેમ જળ જીવન તેમ આપણું જીવન પ્રભુ હોય. પ્રભુરૂપી પાણીમાં તરબોળ રહેવું છે.

નાનેથી મોટા બધાય આવી પ્રેક્ટીસ કરી શકીએ. જાગ્રતતા ને જાણપણું રાખવાની વાત છે.

હરેક પ્રસંગને સ્મિતથી આવકારો. સ્નેહથી જવાબ દ્યો ને ભક્તિથી જીવો. આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં રાખો. સામે આવનારને જીવનમુક્ત માનવા છે. પળેપળ પ્રભુથી ભરેલા રહેવું છે. એના પથદર્શક પ્રભુ તમે બનજો. આ બ્રહ્મસૂત્રો પ્રમાણે અખંડ જીવવું છે ને તે રીતે વર્તવાનું બળ આપે તેવી પ્રાર્થના કર્યા જ કરીએ.

આશિષ બાદ કીર્તન આરાધનાનું સમાપન કર્યું.




## તા.૧૭.૩.૨૦૨૨ : બ્ર.સ્વ.ભગતજીમહારાજના પ્રાગટ્યદિનની ઉજવણી...

અક્ષરપુરુષોત્તમની શુધ્ધ ઉપાસનાને ધારણ કરી અનેકને અર્પણ કરી શકે તેવી ગુણાતીતભાવની શક્તિને જેમણે પ્રથમ ધારણ કરી એવા બ્ર.સ્વ. ભગતજીમહારાજનો ૧૯૩ પૂરા ને ૧૯૪મા પ્રાગટ્યપર્વે આપણામાં સાધુતાનો રંગ ચઢતો રહે એવી ભાવનાથી ઉજવાયો.

હોળીનો આ દિવસ... ભક્ત પ્રહ્લાદની આદર્શરૂપ સ્વામીની વાત કે 'મનમાં મારું ચિંતવન કરે, નેત્રમાં મારી મૂર્તિ રાખે ને જીભે કરીને મારું ભજન કરે એનાથી ભગવાન વશ થાય છે.' તો અસૂર જ્ઞાતિમાં જેનો જન્મ થયો હતો પણ નારદજી જેવાનો સંગ થયેલો તેથી પ્રહલાદ્જી ભક્ત પંક્તિમાં આદર્શ બન્યા અને ઐશ્વર્યવાન ફોઈ હોલિકાના ખોળામાં બેસાડીને પ્રહલાદ્જીને બાળી મૂકવાના પેતરામાં સ્વયમ્ આસૂરીશક્તિ બળી ચૂકી ને ભક્તનો વિજય થયો.

એ દૃષ્ટાંતે આપણા દેહભાવની હોળી કરી દિવ્યભાવનો ભક્તિપ્રસાદ મેળવવા અનંત પ્રકારના વિરોધમાં પ્રાગજીભક્તમાંથી ભગતજીમહારાજે દેહ ને

દેહાભિમાનની હોળી કરી ગુણાતીત દીપ પ્રગટાવ્યો. જેમાં એમણે પૂર્ણ પુરુષોત્તમનારાયણના ધારક એવા ગુણાતીતાનંદસ્વામીના વચને સંબંધવાળામાં મહારાજ જોઈ, સૌને બ્રહ્મની મૂર્તિ માની અદ્‌ભૂત વારસો સાચવ્યો. ગુણાતીતાનંદસ્વામીએ તેમને જોઈને કહ્યું હતું કે, 'આ તો વનનું મૃગલુ આવ્યું.' અને એ મૃગલાએ સિંહના ટોળા ભેગા કરવાની શક્તિ પ્રાપ્ત કરી અક્ષરપુરુષોત્તમનો ડંકો વગાડવા શૂરવીર એવા વડતાલના સાધુ યજ્ઞપુરુષદાસસ્વામી પર દ્રષ્ટિ કરી તેમને 'કોડિલો લાલ' મળ્યો ને સાધુતાનો વારસો આપ્યો. એ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજીમહારાજ ને એમણે દિગંતમાં શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી.

ભગતજીમહારાજ પર પ્રથમ રાજીપામાં જ્યારે ગુણાતીતાનંદસ્વામી પ્રસન્ન થયા હતા ત્યારે એમને કહ્યું 'માગો માગો ભગતજી....' ત્યારે એમણે 'જીવ સત્સંગી થાય ને તમે તમારું ધામ બતાવો' એ માગ્યું. ને એ ચીલો ચાલુ રહ્યો જે અત્યારના ગુણાતીત સ્વરૂપો સૌને જીવનો સત્સંગ દ્રઢ કરાવી રહ્યા છે. તેવા ગુરુહરિ પપ્પાજી મહારાજના કાર્યસ્વરૂપો પ્રત્યક્ષ છે જે આપણને કહી રહ્યા છે કે 'માગો તે મળે ને શોધો તે જડે.' એ દિવ્ય આશિષ આપણા સૌ માટે છે. તો શું માગવું ? એ પ.પૂ.દીદીએ શીખવાડ્યું છે કે, 'હું શોધું છું મારું હું ક્યાં રહે છે, એને શોધી મૂકું તારે ચરણે...' એ પોતાની જાતને ઓળખતા શીખીએ. પોતાના તરફ જ દ્રષ્ટિ રાખી ધ્યેયને પામવા ખપ, ગરજ રાખીએ. તો ભગતજી જેવી સ્થિતિ થાય. તો એવી સ્થિતિ પ્રાપ્ત કરવા માહાત્મ્યેયુક્ત સેવા, સ્મૃતિથી બળ પામી સંબંધવાળામાં મહારાજ જોતા થઈ, ગુરુહરિ પપ્પાજી મહારાજ 'મહા બળવંત માયા તમારી...' ફગવા ગવડાવતાં. ત્યાર પછી 'યોગી તારા ગાવામાં ગુણગાન...' ને ત્યારપછીના 'અંતરથી અંતર ટળે નિરંતર...' એ ફગવાની સ્મૃતિ પ્રથમ સ્વાગતભાવમાં ભગતજીમહારાજના કર્મયોગની સ્મૃતિએ જ્યોતના ભગતજીનું બિરુદ પામનાર પૂ.હંસાબેન કંપાલાએ હાર અર્પણ કર્યા. ત્યાર બાદ મહારાજની સ્મૃતિ સાથે 'મહા બળવંત માયા...' ભજન ગવાયું. ત્યારબાદ પ.પૂ. જસુબેન, પ.પૂ.દીદી અને ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ માણ્યા. ને સ્વરૂપોએ ફગવા અર્પણ કર્યા.

★ બીજે દિવસે તા.૧૮.૩.૨૦૨૨ના રોજ ફૂલદોલોત્સવ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ. જસુબેન, પ.પૂ.પદુબેન તેમજ સ્વરૂપોના સાંનિધ્યે પંચામૃત હૉલમાં કર્યો.

બરંગોત્સવની સ્મૃતિએ કેસુડાના ફૂલના જળ બનાવી શ્રી નિલકંઠવર્ણીરાજનો અભિષેક કર્યો. ફુલદોલોત્સવે ગુણાતીતાનંદસ્વામીનો મહિમા સમજાવતા ચંદનના તિલકની નિર્દોષ સ્મૃતિનું સ્મરણ કરતા મોટેરા સ્વરૂપોએ સૌને ચંદનના ચાંદલા કરી ગુણાતીત જ્ઞાનના નવનીતને ધારણ કરવાનો રંગ ચડાવી દીધો. આમ ગુરુહરિ પપ્પાજીએ અનેક વખત આવા ઉત્સવોની સ્મૃતિ આપી છે તેમાં સૌ ભીંજાયા.


સૌના અંતરમાં બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવાની ઝંખના છે તેમાં સ્વરૂપોએ સૂઝ આપી બળિયા કર્યા ને આશિષ આપી ધન્ય કર્યા. આ ધન્યતાના ભાવો સાથે સભાનું સમાપન થયું.

---

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ અમદાવાદના પૂ.જયભાઈ શૈલેષભાઈ પ્રજાપતિ તા.૨૦.૨.૨૦૨૨ના અક્ષરનિવાસી થયા છે.

જયભાઈ નાનપણથી જ પપ્પાજીનો જીવનમંત્ર બોલતા અને બોલાવતા. એ રીતે પ.પૂ.દીદીબાની દ્રષ્ટિમાં આવી ગયા. તેઓ ખૂબ જ હસમુખા, સત્યપ્રેમી, નિર્મળ, પ્રેમાળ અને શાંત. બાળપણમાં તેઓને સ્નાયુઓનો વિકાસ ન થવાનો જન્મજાત રોગ – મસ્ક્યુલર ડીસ્ટ્રોફીનું નિદાન થયું. સમય જતાં ઉંમર વધતા તેઓ પથારીવશ



જીવનને પામ્યા. છતાં પ્રભુનો પ્રસાદ સ્વીકારી, અપેક્ષા અને ઉપેક્ષારહિતનું જીવન જીવી આનંદથી જ રહ્યા. જ્યોતિબા તેમને સાયન્ટીસ્ટ કહેતાં. પાવરફુલ મગજને લઈને આધુનિક યુગ સાથે તે હંમેશા તાલ મીલાવતા. સર્વ કુટુંબીજનોએ તેમની ખૂબ મહિમાથી સુહૃદ સેવા કરી. સાથોસાથ પૂ.ઈન્દુબેનની આજ્ઞામાં દાસના દાસ બનીને અખંડ સેવામાં રહેતા. અમદાવાદ જ્યોતની સેવાઓમાં પણ આ કુટુંબની સેવા ખૂબ છે. જયભાઈના અંતિમ સમયમાં દીદીબાએ આશીર્દાન આપ્યા. ખૂબ જ નિષ્ઠાવાન અને અક્ષરમુક્ત તેવા જયભાઈ પપ્પાજીમાં એકત્વ પામ્યા. તેમના કુટુંબીજનોને ખૂબ ખૂબ બળ મળે તેવી પ્રાર્થના. જયભાઈની જેમ દેહાતીત બનીએ તેવી યાચના સહ જય સ્વામિનારાયણ.

**★ રાજકોટ નિવાસીના પૂ.જયાબા હરસોરા તા.૨૭.૨.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.**



પૂ.જયાબા તેમની દીકરી પૂ.હર્ષાબેન થકી ગુરુહરિ પપ્પાજી અને દિવ્ય બેનના જોગમાં આવ્યાં. જયાબાએ પોતાના છેલ્લા શ્વાસ સુધી ગુરુહરિ પપ્પાજીની મૂર્તિને પ્રત્યક્ષ માની જે કંઈ પીવે કે આરોગે તે પપ્પાજીની મૂર્તિને ધરાવી પછી જ પોતે ગ્રહણ કરતા. અને રાજકોટ જ્યોતમાં પૂ.વનીબેન સાથે આગવો સંબંધ હતો. છેક સુધી અડગ નિષ્ઠાએ પપ્પાજીનું નામરટણ કરતાં કરતાં પ્રભુચરણે બિરાજી ગયાં. આવાં ભક્તરાજ પૂ.જયાબાને અંતરથી વંદન.

**★ સરદારગઢના પ્રત્યક્ષના નિષ્ઠાવાન ભક્તરાજ પૂ.રામભાઈ ડી. ચપલા તા.૨૮.૨.૨૦૨૨ના અક્ષરનિવાસી થયા છે.**

પ્રત્યક્ષની દ્રઢ નિષ્ઠા, સેવાભાવી માતા તેજુબા તરફથી સમર્પણ, ભક્તિ ને સેવાના સંસ્કાર મળ્યા. યોગીબાપા ને સંતોના યોગમાં આવ્યા. નાની ઉંમરમાં પિતાશ્રી દુદાબાપા અક્ષરનિવાસી થયા અને



રામભાઈએ મોટા દીકરા તરીકે કુટુંબની જવાબદારી ઉપાડી લીધી. કાકાશ્રીના અને સંતોના, બહેનોના યોગમાં આવ્યા. જીવનમાં સત્સંગ પ્રધાન થઈ ગયો. બે ભાઈઓ પૂ.ભરતભાઈ ને પૂ.દિનેશભાઈ ને ભત્રીજા પુનિતદાસજીને સાહેબજીના યોગમાં અનુપમ મિશનમાં સાધક તરીકે મોકલ્યા. ને બે બહેનો પૂ.ચંદ્રિબેન, પૂ.મંજુબેનને ગુણાતીત જ્યોતમાં પપ્પાજી અને સ્વરૂપોના શરણે ભગવાન ભજવા મોકલ્યાં. અને પોતે તન, મન, ધનથી સમગ્ર સત્સંગની સેવા જીવનભર કરતા રહ્યા. સર્વદેશીયભાવે ગુણાતીત સમાજમાં સંતો, બહેનો, યુવકો ને ગૃહસ્થોની સેવાથી એમનું જીવન સભર હતું. ને પ.પૂ.બેનની આજ્ઞા પ્રમાણે તેઓ રોજ ઘરસભા કરતા. આમ સર્વ વાતે સત્સંગની ધન્યતા માણતા થકા અક્ષરનિવાસી થયા છે. કુટુંબીજનોને તેઓએ દિવ્યતાભર્યા જીવનના માર્ગે પ્રેરી સુખિયા કર્યા છે. ધન્ય છે આવા દિવ્ય જીવનના માર્ગદર્શક, આદર્શ ગૃહસ્થ સંતને ! એમને સદાય શ્રીહરિના, પપ્પાજીના, સાહેબજીના ચરણોમાં સ્થાન મળી ગયું છે અને કુટુંબીજનો એમનો આદર્શ રાખી સેવા-ભક્તિ કર્યા કરે તેવી પ્રાર્થના.

**★ ઈંગ્લેન્ડના પૂ.કાંતિભાઈ પોપટ તા.૮.૩.૨૦૨૨ના અક્ષરનિવાસી થયા છે.**



પૂ.કાંતિભાઈ પ.પૂ.બેનના પૂર્વાશ્રમના નાના દીકરા. ઈ.સ.૧૯૬૬માં પ.પૂ.બેન વિદ્યાનગર ગુણાતીત જ્યોતમાં રહેવા માટે પધાર્યા. તે વખતે ભગવાન ભજવાનું નવું જ સ્થાન હતું. પ.પૂ.બેન માટે કાંતિભાઈને ખૂબ લાગણી અને માતૃત્ત્વભાવ હતો. તેથી ભગવાન ભજવા માટે કેવું સ્થાન છે ? તે જોવા માટે સ્પેશ્યલ પહેલી વખત પૂ.કાંતિભાઈ ને

ઈંદુભાભી ભારત આવ્યાં. ને તે વખતે ગુરુહરિ પપ્પાજી અને સોનાબાની જીવમાં વિશેષ ઓળખાણ થઈ.

ઈ.સ.૨૦૦૪માં પ.પૂ.બેનના પ્રભુતાપર્વનો સમૈયો વિદ્યાનગર હતો તે વખતે પૂ.કાંતિભાઈ અને તેમના ધર્મપત્ની પૂ.ઈંદુભાભીને પ.પૂ.બેન પ્રત્યે એક મહાન સંત તરીકે ભાવ ઉદય થયો. જીવમાં સ્થાન પ્રાપ્ત કર્યું અને વિશેષરૂપે તેઓ ગુરુહરિ પપ્પાજી, સર્વે સ્વરૂપો અને ગુણાતીત જ્યોતના સંપર્કમાં આવ્યા. પૂ.કાંતિભાઈ સ્વભાવે ખૂબ સરળ હતા તેમજ તેમનું હૈયું ભક્તિભાવભર્યું હતું. પૂ.કાંતિભાઈ અને પૂ.ઈંદુભાભી જ્યારે ભારત આવે એટલે સ્પેશ્યલ પ.પૂ.બેનનો લાભ લેતા અને ધન્યતા અનુભવતા. પ્રભુકૃપામાં ભાઈઓની રાત્રિસભામાં કાંતિભાઈ અવશ્ય લાભ લેતા. પૂ.કાંતિભાઈએ તેમના ફેમીલીમાં પ.પૂ.બેનનું માહાત્મ્ય રેડ્યું છે. દીકરી પૂ.દર્શનાબેન તેમજ દીકરા પૂ.શૈલેનભાઈ અને સર્વ કુટુંબીજનોને પ્રત્યક્ષ સત્સંગની નિષ્ઠા કરાવી.

આવા નિષ્ઠાવાન ભક્તિસભર પૂ.કાંતિભાઈને કોટિ કોટિ વંદન. તેમનાં કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી અંતરની પ્રાર્થના.

★ શિકાગોના પૂ.કુસુમબેન પટેલ તા.૮.૩.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.



પૂ.દિનકરભાઈ કાકાજીના ખૂબ વિશ્વાસુ. સ્વરૂપનિષ્ઠ, વફાદાર સેવક બનીને પળેપળ વર્ત્યા તો કાકાજીનો રાજીપો તેમના પર ઢળી ગયો ને કાકાજીના આધ્યાત્મિક વારસદાર બની ગયા. અત્યારે શિકાગોમાં કાકાજીનું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે. પૂ.દિનકરભાઈનાં ધર્મપત્ની પૂ.સુધાબેન અક્ષરનિવાસી થયાં બાદ સુધાબેનના બેન કુસુમબેને સુધાબેનના બંને બાળકો એમી અને રૂપિતને સંભાળી લીધાં. ભારતથી અમેરિકા ગયાં. ગ્રીનકાર્ડ પણ મળી ગયું. એ મહારાજના જ પ્લાન. દિનકરભાઈને આધ્યાત્મિક કાર્યમાં મદદરૂપ થવા માટે જ મહારાજે આ સંજોગોનું સર્જન કર્યું. દિનકરભાઈ નિયમ-ધર્મમાં અચલ રહ્યા થકા દરેક કાર્ય કરતા. ને કુસુમબેન પણ દિનકરભાઈની જે ઈચ્છા તેમ જ વર્તીને જગતના કે સત્સંગના વ્યવહારમાં રસબસ થતાં. દિનકરભાઈની સાધકથી સ્વરૂપ સુધીની યાત્રામાં કુસુમબેને ખૂબ સાથ આપ્યો છે. શિકાગો એટલે ગુણાતીત સમાજનું અમેરિકાનું મુખ્ય સેન્ટર. એટલે શું ભીડો ના હોય? બધા જ સ્વરૂપો ત્યાં પધારે તે સૌની કાકાજીના ભાવે સેવા કરી ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો છે. ગુરુહરિ પપ્પાજી જ્યારે જ્યારે અમેરિકા પધાર્યા છે ત્યારે દસેક દિવસનો પ્રોગ્રામ શિકાગોનો હોય જ. ગુરુહરિ પપ્પાજી અને સેવકોને કોઈ અગવડ ના પડે તેવું સરસ સર્વ વાતે આયોજન કરતાં. દિનકરભાઈના અભિપ્રાયની ભક્તિમાં ભળી જતાં. હરેક સેવામાં હસતા મુખે, મહિમાથી ભક્તિ માનીને કુસુમબેન વર્ત્યા છે. પોતે પોતાનું જે ગણાય તે બધુ સમર્પિત કરી દીધું.


દિનકરભાઈ એટલે કાકાજીનું સ્વરૂપ. તેવું મંડળના બધા જ માને. તેમાં કુસુમબેન મહિમાની પુષ્ટિ કરતાં. દિનકરભાઈના વિચારથી ક્યારેય જુદા પડ્યા નથી. તો પોતાની લાઈફમાં પોતાના વિષે કોઈ દિવસ વિચાર્યું પણ નથી. બસ સત્સંગમાં ખોવાઈ ગયાં. કોઈ વાતનો વિરોધ નહીં. કોઈની નેગેટીવ સાઈડ જોવાની જ નહીં. આધ્યાત્મિક ખાનદાન માવતર બનીને વર્ત્યા. બધા જ મુક્તોનો ખૂબ મહિમા સમજીને સેવા કરી છે. સૌને રાજી કરવા એ જ તેમનું નિશાન હતું. એકલા હાથે વિધવિધ સેવાઓ કરતાં. ભક્તો માટે શું ના થાય ! એ ભાવનાથી વર્ત્યા ત્યાં દેહ આડો આવ્યો નથી. ભીડાભક્તિ તેમના લોહીમાં વણાઈ ગઈ હતી. એ કુસુમબેન તેમની ભક્તિની સુવાસથી અમર બની ગયા.

કુસુમબેને એમીબેન અને રૂપિતભાઈને કેવો પ્રેમ આપ્યો હશે કે છેલ્લા પાંચ વર્ષથી રૂપિતભાઈ નોકરી છોડીને કુસુમબેનની સેવામાં રહ્યા ! કુસુમબેન એક આદર્શ માવતર બનીને કાકાજી સ્વરૂપ દિનકરભાઈના કાર્યમાં ભળ્યા. મંડળના ભક્તોનું રખોપું કરવામાં સહાયભૂત થયાં. તો મહારાજ તેમજ સૌ સ્વરૂપોના

રાજીપાના પાત્ર બની ગયાં. એવા કુસુમબેનને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ.

★ મુંબઈના સર્વદેશીય ભક્તરાજ પૂ.હેમંતભાઈ મર્ચન્ટનાં ધર્મપત્ની પૂ.નયનાબેન મર્ચન્ટ તા.૧૦.૩.૨૦૨૨ના અક્ષરનિવાસી થયાં છે.

નયનાબેનને નાનપણથી સત્સંગનો યોગ હતો. કાકાજીના વચને તેઓ ગુણાતીત જ્યોતમાં થતી શિબિરોમાં ભાગ લેતાં. પ.પૂ. જ્યોતિબેનના વચન પ્રમાણે પોતે જીવતાં. તેઓ પવઈધામે દરેક સમૈયા-ઉત્સવમાં ભાગ લેતાં. ને મહિમાથી સેવા કરતાં. મોટો દીકરો દિવ્ય ચક્ષુવાન છે



છતાંયે નાના દીકરા પૂ.મનનભાઈને પવઈ મંદિરમાં પૂ.ભરતભાઈની સેવામાં સાધક તરીકે ભગવાન ભજવાની રજા આપી દીધી. ધન્ય છે નયનાબેનને અને સદા સેવક હેમંતભાઈને!

પ્રભુસભર જીવન રાખીને જીવન ધન્ય કર્યું એવા નયનાબેનને હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ.

## નિર્ણય

★ એકાદશી :
ફાગણ વદ-૧૧, સોમવાર, તા.૨૮.૩.૨૦૨૨

★ શ્રીહરિજયંતી :
ચૈત્ર સુદ – ૯, રવિવાર, તા.૧૦.૪.૨૦૨૨

★ એકાદશી :
ચૈત્ર સુદ-૧૧, મંગળવાર, તા.૧૨.૪.૨૦૨૨

Statement about ownership and other particulars about newspaper.

GUNATIT JYOT
(Form IV. Rule 8)

| | |
|---|---|
| 1. Place of Publication : | Gunatit Jyot, P.O.Box No.23 V.V.Nagar - 388120, Gujarat. |
| 2. Periodicity of Publication : | Monthly |
| 3. Printer's Name : | Angatbhai J. Shah |
| Nationality : | Indian |
| Address : | Gujarat Press Anand - 388001, Gujarat |
| 4. Publisher's Name : | Hemaben D. Bhatt |
| Nationality : | Indian |
| Address : | Gunatit Jyot, P.O.Box No.23 V.V.Nagar - 388120, Gujarat. |
| 5. Editor's Name : | Hemaben D. Bhatt |
| Nationality : | Indian |
| Address : | As above |

Names and address of indivduals who own the newspaper and partners for shareholders holding more than one percent of total capital.

It has no partner, no capital and no shareholders. It belongs to Hemaben D. Bhatt, Gunatit Jyot, V.V.Nagar (388120).

I Kum. Hemaben D. Bhatt, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 21st March, 2022 Hemaben D. Bhatt
Signature of Publisher

## વિશેષ નોંધ

**પત્રિકાના વહાલા ગ્રાહક અક્ષરમુક્તો !**

ભાવભર્યા જય સ્વામિનારાયણ.

ઈ.સ.૨૦૨૦ અને ૨૦૨૧માં કોવિડ મહામારીને કારણે આપણે 'ગુણાતીત જ્યોત' પત્રિકાનો લાભ ગુણાતીત જ્યોતની વેબસાઈટ દ્વારા ડીઝીટલ સ્વરૂપે માણ્યો. હવે **ઈ.સ.૨૦૨૨ના એપ્રિલ માસથી રાબેતા મુજબ બુકલેટ સ્વરૂપે પત્રિકા પોષ્ટથી** તમારા સાંનિધ્યે પધારશે.

બીજું ખાસ – સ્વરૂપોની કૃપાથી આપણે ૨૦૨૦ અને ૨૦૨૧નું લવાજમ ભરવાનું નથી. તેથી જે ગ્રાહકોએ એડવાન્સ લવાજમ જેટલા વર્ષનું ભરેલું હશે તેના ૨ વર્ષ પછી તેઓએ લવાજમ ભરવાનું થશે.

જેમ કે, જેઓએ ૨૦૨૦ અને ૨૦૨૧નું લવાજમ ભર્યું છે તેઓનું ૨૦૨૨ અને ૨૦૨૩નું જમા ગણાશે. તેઓએ આ બે વર્ષ પછી એટલે કે ૨૦૨૪થી લવાજમ ભરવાનું થશે. તો આ બાબત નોંધ લેશોજી.

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2022-24
Lic Valid Upto: 31.12.2024
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120





તા.૧૭.૩.૨૦૨૨ : બ્ર.સ્વ.ભગતજીમહારાજના પ્રાગટ્યદિનની ઉજવણી...



તા.૧૮.૩.૨૦૨૨ : રંગોત્સવની સ્મૃતિપળો...

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India